સ્વામિશ્રીજી



# નૂતન વર્ષના આરંભે મંગલ પ્રાર્થના !

**હે પૂર્ણપુરુષોત્તમ નારાયણ ભગવાન શ્રી સ્વામિનારાયણ ! હે અનાદિ અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામી મહારાજ ! હે અનાદિ મહામુક્ત શ્રી ગોપાળાનંદ સ્વામી મહારાજ ! હે પ્રભુનાં સર્વ ગુણાતીત સંત સ્વરૂપો ! હે પ્રગટ ગુરુહરિ સંતભગવંત પરમ પૂજ્ય સાહેબદાદા !**

અમારાં ભાવ અને ભક્તિ સ્વીકારી દિવ્ય સ્વરૂપે આપ અમારા હૃદયમાં બિરાજ્યા છો, તે અમારાં સૌનાં પરમ સૌભાગ્ય અને આપની અપરંપાર કૃપા માનીએ છીએ. આપના શ્રીચરણે નતમસ્તકે અમારાં સૌનાં ભાવભર્યાં હૃદયવંદન સાથે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ છે !

**નૂતન વર્ષારંભે અમારાં સૌની પ્રાર્થના છે હે મહારાજ ! હે સ્વામી ! હે સંતભગવંત સાહેબદાદા !**

શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજના પ્રગટ સ્વરૂપ અમારા ગુરુહરિ સંતભગવંત સાહેબજીનું જેવું છે તેવું સ્વરૂપ અમને ઓળખાય. અમારાં શેષ જીવનનાં સર્વ વિચાર, અમારી વાણી અને અમારાં પ્રત્યેક વર્તન ગુરુહરિ સંતભગવંત સાહેબદાદા રાજી થાય તેવાં ભક્તિરૂપ હો ! અમારાં જીવન પ્રભુનાં, સંતભગવંત સાહેબદાદાનાં દિવ્ય કાર્યનાં વાહકરૂપ બની રહો. અમારાં જીવનનાં પ્રત્યેક કર્મ શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનાં જીવંત દર્શનરૂપ બની રહો અને આપના દિવ્ય મહિમાની સુવાસ પ્રસરાવનારાં બની રહો.

**હે પ્રભુ !**

વિક્રમ સંવત ૨૦૮૦ની દીપોત્સવીના આરંભે આપને પ્રાર્થના છે કે, નૂતનવર્ષ ૨૦૮૧ અમારાં વ્યક્તિગત અને પારિવારિક જીવનમાં આધ્યાત્મિક સમૃદ્ધિ અને સર્વ પ્રકારની સંપન્નતાથી પરિપૂર્ણ હો ; જેને, અમારા ગુરુનાં વચન અનુસાર અમો આપનાં દિવ્ય કાર્ય માટે તથા સંતો-ભક્તોની નિર્દોષબુદ્ધિયુક્ત સેવા માટે અર્પણ કરી શકીએ તેવા રૂડા આશીર્વાદની યાચના કરીએ છીએ.

**હે દયાળુ પ્રભુ ! હે સ્વામી ! હે ગુરુહરિ સાહેબદાદા !**

અમારાં વડીલોનાં સ્વાસ્થ્ય નિરામય રહો. અને અમે તેઓ રાજી થાય તેવી તેઓની સેવા કરી શકીએ એવા આશીર્વાદ આપશો.

અમારાં સંતાનો તેજસ્વી બનો, ભારતીય સનાતન મૂલ્યો અને સત્સંગના સંસ્કારથી સંપન્ન બનો. અમે તેઓનાં ઉછેર અને કાળજી પ્રેમસભર હૃદયે કરી અમારાં સ્વયંનાં ઉત્તમ આચરણ દ્વારા તેઓ માટે ઉપદેશ અને પ્રેરણારૂપ બની જીવીએ એવા રૂડા બુદ્ધિયોગ અને આપની દિવ્ય શક્તિ અમને પ્રદાન કરો તેવી પ્રાર્થના છે !

**હે પ્રભુ ! હે સ્વામી !**

અમારાં સૌના હૃદયના ભાવ છે કે, આપ વિશ્વ સમસ્તમાં પરમ દિવ્ય પવિત્ર અને ભવ્ય મંદિરોમાં શ્રી મુક્ત-અક્ષર-પુરુષોત્તમ મહારાજ સ્વરૂપે આપનાં દિવ્ય ગુણાતીત સ્વરૂપો સાથે અચળ સ્વરૂપે શાશ્વતકાળ માટે અખંડ બિરાજમાન રહો.

આપનાં આ દિવ્ય મંદિરો વિશ્વ સમસ્તમાં નિવાસ કરતાં અક્ષરમુક્તો, મુમુક્ષુઓ તથા સવિશેષ રૂપે યુવાપેઢીઓ માટે ઉત્તમ, ઉન્નત, પવિત્ર, સંસ્કારી, આધ્યાત્મિક અને સર્વથા સંપન્ન જીવનનાં પ્રેરણાસ્રોત અને માર્ગદર્શક બની રહે તેવી શુભ ભાવના અને પ્રાર્થના સાથે 'ૐ શ્રી સ્વામિનારાયણ' મહામંત્રના જાપ કરીએ છીએ.

ૐ શ્રી સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...! ◆

સા.શ્રે...

~ સાધુ મનોજદાસ

પર્થ મહાનગર, ઑસ્ટ્રેલિયા, ગુરુવાર, ૧૭ ઑક્ટોબર ૨૦૨૪ આસો શુક્લ પૂર્ણિમા, વિક્રમ સંવત ૨૦૮૦.